તાકીદનો પત્ર:

તાત્કાલિક :

સચબ-૧૦૨૦૨૧(૨૮)(૪૩૫૦૩૮)-કેયુ
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૨/૧૦/૨૦૨૧

પ્રતિ,
સર્વે અધિક મુખ્ય સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી
સર્વે વિભાગો,
સચિવાલય, ગાંધીનગર

વિષય :- તા.૨૯/૦૯/૨૦૨૧ની સચિવશ્રીઓની બેઠકમાં મુખ્ય સચિવશ્રીએ આપેલા સૂચનો અન્વયે એક્શન ટેકન રિપોર્ટ રજૂ કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય સંદર્ભે તા.૨૯/૦૯/૨૦૨૧ ના રોજ મળેલ સચિવશ્રીઓની બેઠકમાં નીચે મુજબ સૂચન કરવામાં આવ્યું હતું.

મુદ્દા ક્રમાંક : ૨

''પતિ અને પત્ની જેઓ સરકારી, પંચાયત અને પેરાસ્ટેટલ સેવા બજાવતા હોય તેઓ એક જ સ્થળે ફરજો બજાવી શકે તેવી સરકારશ્રીની પ્રવર્તમાન નિતી છે. આ નિતીનું સાચા અર્થમાં અમલીકરણ થાય તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગોની રહે છે. સામાન્ય વહીવટ વિભાગે આ અંગે જરૂરી સમિક્ષા કરવી જોઈએ. આ તબક્કે આ પ્રકારની જે કોઈ માંગણીઓ નિર્ણયાર્થે વિચારધીન છે તેની યાદી બનાવી ચકાસણી કરે અને દિન – ૧૫માં નિયમોનુસાર યોગ્ય નિકાલ થાય તે માટેની જરૂરી કાર્યવાહી તમામ વિભાગોએ કરવી જોઈએ અને તે અંગેની સમિક્ષા સા.વ.વિ. કરીને સચિવશ્રીઓની બેઠકમાં એકશન ટેકન રીપોર્ટ રજૂ કરે.''

મુદ્દા ક્રમાંક : ૩

''ફિક્સ પેમાં નિમણૂક પામેલ મહિલા તથા દિવ્યાંગ કર્મચારીઓ કે જેઓ એક વર્ષથી વધારે સમય માટે સેવાઓ બજાવી હોય તથા પુરૂષોના કિસ્સામાં બે વર્ષથી વધારે સમય માટે સેવાઓ બજાવી હોય તેઓની માંગણી મુજબ અન્ય જિલ્લાઓમાં જગ્યા ખાલી હોય તો તે મુજબ બદલી કરવાની સરકારશ્રીની પ્રવર્તમાન નિતી છે. આ નિતીનું સાચા અર્થમાં અમલીકરણ થાય તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગોની રહે છે. સામાન્ય વહીવટ વિભાગે આ અંગે જરૂરી સમિક્ષા કરવી જોઈએ. આ તબક્કે આ પ્રકારની જે કોઈ માંગણીઓ નિર્ણયાર્થે વિચારધીન છે તેની યાદી બનાવી ચકાસણી કરે અને દિન – ૧૫માં નિયમોનુસાર યોગ્ય નિકાલ થાય તે માટેની જરૂરી કાર્યવાહી તમામ વિભાગોએ કરવી જોઈએ અને તે અંગેની સમિક્ષા સા.વ.વિ. કરીને સચિવશ્રીઓની બેઠકમાં એકશન ટેકન રીપોર્ટ રજૂ કરે''

Scanned with CamScanner

<u>મુદ્દા ક્રમાંક : ૪</u>

"ફિક્સ પગારના કર્મચારીઓ ની પૂર્વસેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાનું આયોજન નિશ્ચિત સમયાંતરે થતું ન હોવાને કારણે પાંચ વર્ષની સેવા પૂર્ણ થયા બાદ લાંબાગાળાની નિમણૂક આપવામાં વિલંબ થતો હોવાનું ધ્યાને આવેલ છે. (જેઓની સામે એસીબી કે કોઇ કોર્ટ કેસ પડતર ન હોય તે સિવાય) આ માટે પૂર્વસેવા અને પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા નિશ્ચિત સમયગાળામાં યોજાય તે સુનિશ્ચિત કરવું.

<u>મુદ્દા ક્રમાંક : ૧૫</u>

"ડી.બી.ટી. ની યોજનાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવતાં એ બાબત ધ્યાને આવી કે વિભાગોએ આવી યોજનાઓની પુર્નવિચારણા કરવાની જરૂર જણાય છે. વિભાગ દ્વારા રજુ કરવામાં આવેલ વિગતો કે જે પ્રેઝન્ટેશનમાં દર્શાવવામાં આવેલ હતી તે સંખ્યા આખરી છે કે કેમ કે તેમાં વધારો થઈ શકે તેમ છે તે પ્રકારની સમીક્ષા કરવામાં આવે તથા વધુમાં વધુ સેવાઓ ડી.બી.ટી. માં સમાવેશ થાય તે પ્રકારે કાર્યવાહી હાથ ધરી વિગતો રજૂ કરવી"

<u>મુદ્દા ક્રમાંક : ૧૬</u>

"સરકારી સેવાઓ માટે નાગરિકોને જે કાંઈ ચુકવણું કરવાનું રહે છે તે તમામ ચુકવણા ઓનલાઈન થાય તે ઈચ્છનીય છે જે માટે દરેક વિભાગે આવી સેવાઓ ઓનલાઈન થવાની બાકીમાં હોય તે ચકાસણી કરી એક માસમાં આવી સેવાઓ ઓનલાઈન કરવાની કાર્યવાહી હાથ ધરે"

૨. ઉપરોક્ત સૂચન પરત્વે કરવામાં આવેલ કાર્યવાહીનો એક્શન ટેકન રિપોર્ટ આપના તરફથી અત્રે મળેલ ન હોય તા.૨૫/૧૦/૨૦૨૧ સુધીમાં આ એક્શન ટેકન રિપોર્ટ Email ID: <u>so-cabinet-gad@gujarat.gov.in</u> પર મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(મનીષ સી. શાહ)
નાયબ સચિવ(કેબિનેટ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

<u>નકલ સવિનય રવાના :</u>

મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ કરેલ કાર્યવાહીની જાણ સારુ.

Scanned with CamScanner